



વૈવિધ્ય

# સ્માર્ટ ફોનમાં કેદ ફોટા અને વીડિયોઝ કેવી રીતે સાચવશો?

જ્યારથી સ્માર્ટફોન આવ્યા છે ત્યારથી આપણે કેટલાં બધાં ફોટોઝ, સેલ્ફી, વીડિયો બનાવવા માંડ્યા છીએ કારણ કે એ હંમેશાં આપણી સાથે જ હોય છે. જ્યારે ઈચ્છીએ, જ્યાં ઈચ્છીએ ત્યાં ફોટો ક્લિક કર્યો. આપણે ફોનમાં આપણી ન જાણે કેટલીય યાદોને સંગ્રહી છે પરંતુ તમે કદી એ વિચાર્યું છે કે એ ક્યારેક ગુમ થઈ જાય, ખરાબ થઈ જાય કે ભૂલમાં ડિલીટ થઈ જાય તો તમારી એ યાદગાર પળો કે વીડિયોનું શું થશે? શું તમે એ હંમેશ માટે ગુમાવી દેશો? હા, જો તમે એ સુરક્ષિત ન રાખ્યા તો. જો આપણે એ યાદોને જીવનભર સાચવી રાખવા માંગતાં હોઈએ તો સૌથી પહેલાં એનો બેકઅપ લેવો પડશે અર્થાત એને સુરક્ષિત રાખવા પડશે જેથી તમે ઈચ્છો ત્યારે એને બીજી વાર જોઈ શકો.

ઢગલાબંધ ફોટોઝ અને વીડિયોઝમાંથી આપણે કોઈ ચોક્કસ ફોટો કે વીડિયો જોવા હોય ત્યારે પણ મુશ્કેલી ઊભી થાય છે કારણ કે આપણે જ્યારથી મોબાઈલ આવ્યા છે ત્યારથી ફોટો ક્લિક કરતા જ રહીએ છીએ. જ્યારે- જ્યાં મન થયું ત્યાં આપણે ફોટો પાડીએ છીએ. આથી મેમરી ફુલ થવાની શક્યતા પણ રહે છે. મોટા ભાગના ફોટા આપણે અસ્તવ્યસ્ત જ રાખીએ છીએ એટલે જ્યારે આપણે કોઈ ખાસ ઈવેન્ટ કે પ્રસંગના ફોટા ફરી જોવા માંગીએ ત્યારે એ શોધવામાં જ ઘણો સમય નીકળી જાય છે. જો આપણે ફોટોઝ-વીડિયોઝ વ્યવસ્થિત રીતે રાખીએ તો આપણને એ શોધવામાં બહુ ઓછો સમય લાગશે અને તરત જ આપણી યાદોને ફરીથી તરોતાજા કરી શકીશું. જો તમે તમારી યાદગાર પળોને હંમેશાં માટે સુરક્ષિત રાખવા ઈચ્છતાં હો તો શું કરશો?

## વાર્ષિક ફોટોબુક બનાવો

જ્યારથી સ્માર્ટફોન આવ્યા છે ત્યારથી આપણે ફોટાની પ્રિન્ટ કઢાવવાનું બંધ કર્યું છે. બધા ફોટોઝ અને વીડિયોઝ આપણા મોબાઈલ, લેપટોપ કે ડ્રાઈવ એટલે કે ડિજિટલ મીડિયામાં જ રાખીએ છીએ. આ ફોટાને સુરક્ષિત રાખવા તમે વર્ષને અંતે જે ફોટા લીધા હો- પ્રવાસના, પ્રસંગ, બર્થ-ડે-વગેરેમાંથી તમારી પસંદના સારા ફોટા પસંદ કરી ફોટોબુક તૈયાર કરાવી શકો. ફોટા મહિના કે પ્રસંગ પ્રમાણે ગોઠવી શકો. આ ફોટોબુક આપણે ગમે ત્યારે જોઈ શકીએ છીએ.

## ડિજિટલ પણ અને પ્રિન્ટ પણ

આજકાલ આપણે ફોટા ડિજિટલ મીડિયામાં રાખવાનું વધુ પસંદ કરીએ છીએ પરંતુ ડિજિટલ મીડિયામાં ડેટા ખોવાઈ જવાનું કે ડિલીટ થવાનું બહુ સામાન્ય છે. એ ખરાબ, ગુમ કે ચોરી થઈ શકે છે. હાર્ડ ડ્રાઈવમાં રાખો તો પણ ખરાબ થવાની કે વાયરસ સંબંધી સમસ્યા ઉદભવી શકે છે આથી તમારી યાદો માત્ર સ્માર્ટફોન, લેપટોપ, ડેસ્કટોપ ડ્રાઈવ જેવા ડિજિટલ મીડિયા પર રાખવાની સાથે પ્રિન્ટ લેવી પણ એક સારો વિકલ્પ છે. જેથી આપણે આપણી યાદો કાયમ સાચવી શકીએ.



## ડિજિટલ ફોટો લાઈબ્રેરી બનાવો

ટેકનોલોજીના આ યુગમાં લગભગ બધા પાસે જ સ્માર્ટફોન છે. બધામાં હાઈ મેગા પિક્સલ કેમેરા છે જેને કારણે બધા જ પોતાની બહેતર ક્ષણોને તસવીરોમાં કેદ કરે છે. આજની યુવાપેઢીમાં તો સેલ્ફીનો એટલો ક્રેઝ છે કે તેઓ સેલ્ફી લઈ સોશ્યલ મીડિયા પર શેર કરવાનું ચૂકતાં નથી. પરંતુ એ મોબાઈલની સ્ટોરેજ ક્ષમતા પર અસર કરે છે. જ્યારે આપણે આ ફોટાને અરેન્જ કરવા બેસીએ છીએ ત્યારે મુશ્કેલી વધી જાય છે. ફોટા તમારે માટે મુસીબત ન બને, એને સાચવવા માટે તમે ગુગલ ફોટોઝ અને એપલ ફોટોઝ Appsની મદદ લઈ શકો. ગુગલ ફોટોઝ અને એપલ ફોટોઝ બંને જાતે જ આલ્બમ બનાવે છે. આ બંને એપ પર એવા ટુલ્સ પણ છે જેની મદદથી તમે તમારી ફોટો લાઈબ્રેરીને સારી રીતે ઓર્ગેનાઈઝ કરી શકો છો. એને શેર પણ કરી શકો છો.

## સ્માર્ટ રીતે સર્ચ કરો.

તમારી જૂની અને ભુલાયેલી તસવીરો બીજી વાર જોવા કે સર્ચ કરવામાં આ એપ્સ ઘણી મદદ કરે છે. એની મદદથી આપણે ફોટોઝના કી વર્ડ નાખી ફોટા સહેલાઈથી શોધી શકીએ છીએ. ગુગલ અને એપલ ફોટોઝ જાતે જ ફોટા વર્ગીકૃત કરે છે.

- આજકાલ સ્માર્ટ ફોનમાં ફોટોઝ ડેટામાં લોકેશન ડેટા હોય છે એની મદદથી સમય ગુમાવ્યા વિના જૂના ફોટા સર્ચ કરી શકો છો. એ માટે સર્ચ બોક્સમાં એ જગ્યાનું નામ લખો જ્યાં તમે ફરવા ગયાં હતાં અને ફોટા ક્લિક કર્યા હતા.



## ગુગલ અકાઉન્ટનો ઉપયોગ કરો

જો તમારું ગુગલ અકાઉન્ટ હોય તો તમે ગુગલ ફોટોઝનો ઉપયોગ ફોટા તથા વીડિયોના બેકઅપ માટે કરી શકો છો.

» અહીં તમે 15GB સુધીની સ્પેસ ફ્રીમાં વાપરી શકો છો.
» ગુગલ ફોટોઝમાં તમે તમારા ફોટા અલગ-અલગ ફોલ્ડરમાં રાખી શકો છો.
» તમારા ફોટા અને વીડિયોઝ સુરક્ષિત રાખી તમારી યાદગાર તસવીરો કોઈ પણ ડિવાઈસ પર જોઈ શકો છો.
» ફોટા જલ્દીથી શોધવામાં ગુગલ ફોટોઝ મદદ કરે છે.
» ગુગલ ફોટોઝ પર તમારા ફોટા જાતે જ વ્યવસ્થિત થઈ જાય છે એટલે તમે ઝડપથી શોધી શકો છો.
» ટુલ અને સ્માર્ટ ફિલ્ટરથી તમારી પસંદના ફોટામાં ફેરફાર કરી યાદગાર લમ્હોંને વધુ આકર્ષક બનાવી શકાય છે.

## ટિપ્સ

» તમારું અકાઉન્ટ હેક થતું અટકાવવા માટે પબ્લિક સ્થળને બદલે સુરક્ષિત જગ્યાએ તમારું અકાઉન્ટ એક્સેસ કરો.
» સમયાંતરે અકાઉન્ટનો પાસવર્ડ બદલતાં રહો.
» પાસવર્ડ થોડો જટિલ રાખો. તમે તમારો પાસવર્ડ અલ્ફાન્યૂમેરિક રાખી શકો.
» અકાઉન્ટ લોગઆઉટ કરવાનું ભૂલશો નહીં.